# ઈટાળવા-તીઘરા ટીપી યોજનામાં તીઘરાના ખેડૂતોના પ્રશ્નો મુદ્દે મુખ્યમંત્રીને રજૂઆત



**ઈટાળવા-**તીઘરાના અસરગ્રસ્ત ખાતેદારોની સમન્વય સમિતિએ લેખિત રજૂઆત કરી

નવસારી: નવસારી મહાનગર પાલિકા બનવા સાથે તીઘરા અને ઈટાળવામાં ટીપી-1, 2 અને 3 શરૂ કરવા માટે જમીન સંપાદનની કામગીરી શરૂ થતાં જ વિવાદ પેદા થયો છે. ખેડૂતોને થઈ રહેલા અન્યાય અંગે આખરે ખેડૂત ખાતેદારોના પ્રશ્નો ઉકેલવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત અન્ય અધિકારીઓને નવસારી ટીપી યોજના ઈટાળવા-તીઘરાના અસરગ્રસ્ત ખાતેદારોની સમન્વય સમિતિએ લેખિત રજૂઆત કરી છે.

આ લેખિત રજૂઆતમાં ખેડૂત ખાતેદારોએ જણાવ્યું છે કે, ઈટાળવા અને તીઘરા વિસ્તારમાં જમીન ગુમાવનારા મોટા ભાગના ખેડૂતો ઓબીસી વર્ગના નાના અને સીમાંત ખેડૂતો તથા હળપતિ ખેતમજૂરો છે. આ તમામ પરિવારો પશુપાલન તથા નાની-મોટી નોકરી કરી જીવનનિર્વાહ કરે છે. ઈટાળવા અને તીઘરા ગામ નવસારીના સીમાડે આવેલું હોવાને કારણે પહેલાં નૂડામાં અને એ પછી 2025ના વર્ષે નવસારી મહાનગર પાલિકામાં સમાવિષ્ટ કરાયા છે. ઈટાળવા અને તીઘરા ગામ વિસ્તારમાં ટીપી યોજના નવસારી નં.1 (ઈટાળવા), નવસારી નં.2 (ઈટાળવા-તીઘરા) અને નવસારી નં.3 (તીઘરા)નો અમલ કરવાથી ખેડૂતોને અનેક પ્રશ્નો સતાવી રહ્યા છે. આ સંજોગોમાં ખેડૂત ખાતેદારોના વિવિધ પ્રશ્નોનો ઉકેલ લાવવા માટે રજૂઆત કરવામાં આવી છે. આ રજૂઆત મુજબ નવસારી ટીપી 1,2,3 ને મંજૂરી મળી ગઈ છે, ત્યારે ટીપી યોજના મુજબ મૂળ સરવે નંબરો સામે ફાઈનલ પ્લોટ ફાળવ્યા છે. તેનું માપ, આકાર અને ભૌગોલિક પરિસ્થિતિ બદલાઈ છે. આ વિવાદ મુખ્યમંત્રીની કચેરીએ પહોંચ્યો છે ત્યારે સંવેદનશીલ સરકારના સંવેદનશીલ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ખેડૂતોની લાગણીને માન આપી તમામ વિવાદનો ઉકેલ લાવે એ જરૂરી છે.




નિલેશ કાપડીયા

# વાંસદામાં રીલ્સ બનાવવાની લ્હાયમાં ટ્રેન સામે દોટનો જોખમી વિડીયો વાઈરલ

**ટ્રેનની** નજીક અને ગોળ ફરતેનો વિડીયો પણ ડ્રોન કેમેરાથી ઉતાર્યો

**વાંસદા** નેશનલ પાર્ક વિસ્તારમાં ડ્રોન ઉડાવવાની પરમિશન કોણે આપી?

વાંસદા: વાંસદા નેશનલ પાર્ક વિસ્તારમાં બીલીમોરા-વઘઈ નેરોગેજ ટ્રેનની સામે દોડતો અને પુલ પરથી પસાર થતી વખતે ટ્રેનની નજીકથી અને ગોળ ફરતેનો ડ્રોન કેમેરાથી ઉતારેલો જોખમી વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. વિડીયો બનાવનારની તપાસ કરી જરૂરી પગલાં લેવા જોઈએ.

બીલીમોરા-વઘઈ નેરોગેજ ટ્રેન વાંસદા નેશનલ પાર્ક પાસેથી પસાર થતી હતી. ત્યારે ટ્રેનના ટ્રેક ઉપર રીલ્સ બનાવવાની લ્હાયમાં ટ્રેન આવવાની સાથે જ એક વ્યક્તિએ ટ્રેન સામે દોડતો ડ્રોન કેમેરા વડે વિડીયો બનાવ્યો હતો. બાદ ટ્રેન નદીના બ્રિજ ઉપરથી પસાર થઈ રહી હતી. એ જ સમયે ફરી ડ્રોન કેમેરો ટ્રેનની ખૂબ જ નજીકથી લઈ જઈ પુલની નીચેથી પસાર કરી ટ્રેનને પણ અડચણ ઊભું થાય એ રીતે ખૂબ જ જોખમભર્યો વિડીયો પ્રવાસીઓએ બનાવ્યો હતો. જે વિડીયો હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. નેશનલ પાર્ક વિસ્તારમાં આવતા પ્રવાસીઓને આ પ્રકારના વિડીયો બનાવવાની પરમિશન કોણે આપી? અને પરમિશન વગર વિડીયો બનાવ્યો હોય તો શું વનવિભાગના અધિકારીઓને જાણ થઈ ન હોય? એવા અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે. અગાઉના સમયમાં આ નેશનલ પાર્કમાંથી કેટલાક ઈસમો દ્વારા હરણની તસ્કરી થઈ હોવાની ઘટના પણ સામે આવી હતી. ત્યારે ડ્રોન ઉડાવી વિડીયો બનાવી સોશિયલ મીડિયામાં ફેલાવનારા આવા ઈસમોને મોકળું મેદાન મળી રહે તેમ છે. વન વિભાગ દ્વારા આવા ઈસમો સામે સખત પગલાં ભરવા જોઈએ.

## નવસારીમાં ફરી વરસાદનો વિરામ, તાપમાનમાં નજીવો ઘટાડો

નવસારી: જલાલપોર, વાંસદા અને ખેરગામમાં વરસાદે હાજરી પુરાવી હતી. જ્યારે ત્રણ તાલુકામાં વરસાદે વિરામ લીધો હતો. જો કે, તેના પગલે મહત્તમ તાપમાનમાં નજીવો ઘટાડો થયો હતો. ગુરુવારે નવસારી, ગણદેવી અને ચીખલીમાં વરસાદે વિરામ લીધો હતો. ઉપરાંત જલાલપોરમાં 1 મિમિ, વાંસદામાં 7 મિમિ અને ખેરગામમાં 8 મિમિ વરસાદ 6 કલાકમાં નોંધાયો હતો. માત્ર નામ પૂરતી હાજરી પુરાવા છતાં વરસાદના ઝાપટું પડતાં તાપમાનમાં નજીવો ઘટાડો નોંધાયો હતો. બુધવારે મહત્તમ તાપમાન 30.5 ડિગ્રી હતું, તેમાં 1 ડિગ્રીનો ઘટાડો થઈ મહત્તમ તાપમાન ગુરુવારે 29.5 ડિગ્રી નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન 0.5 ડિગ્રીના વધારા સાથે 24.5 ડિગ્રી નોંધાયું હતું. ફરીથી ભેજમાં મોટો તફાવત નોંધાયો હતો. સવારે વાતાવરણમાં 96 ટકા ભેજ હતો. જ્યારે સાંજે ભેજનું પ્રમાણ ઘટીને 87 ટકા થઈ ગયું હતું. ભેજમાં રહેલા મોટા તફાવતને કારણે હવે વરસાદ વિરામ લેશે એમ લાગે છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ઉગત કબ્રસ્તાન પાસે કરંટ લાગતાં ગાયનું મોત

નવસારી: નવસારી રૂરલ પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદ મુજબ ખેરગામ નજીક ઉગત કબ્રસ્તાન પાસે આવેલા વીજથાંભલા પરથી વાયર લટકતો હતો. એ સ્થળે ચરતી ગાય ત્યાં તારમાં ભેરવાઈ જતાં વીજ કરંટ લાગતાં તેનું મોત થતાં ખેરગામના સાહીદ મંગેરાને જાણ થતાં તેણે ડીજીવીસીએલને ફોન કરી જાણ કરી હતી. વીજ કંપનીના સ્ટાફે આવી ગાયને તારથી છૂટી પાડી હતી. પરંતુ કરંટ લાગવાને કારણે 20 હજારની ગાયનું મોત નીપજ્યું હતું. આ અંગે વધુ તપાસ નવસારી રૂરલ પોલીસના એએસઆઈ મનેશભાઈ કરી રહ્યા છે.

### ખેરગામની સરકારી કોલેજના ૩૪ વિદ્યાર્થીએ રૂપવેલ સરકારી વનસ્પતિ ઉદ્યાનની મુલાકાત લીધી

ખેરગામ: ખેરગામના સરસીયામાં આવેલી સરકારી વિનયન વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજમાં સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઇનોવેશન પોલિસી (SSIP) અને સપ્તધારા અન્વયે સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા અંતર્ગત આચાર્ય ડો.એસ.એમ.પટેલનાં માર્ગદર્શન હેઠળ ખેરગામ કોલેજમાં વનસ્પતિશાસ્ત્ર (બોટની) વિષય સાથે અભ્યાસ કરતાં 34 વિદ્યાર્થી માટે એક દિવસીય પ્રશિક્ષણ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે નિમિત્તે વાંસદા તાલુકાના રૂપવેલ ગામે આવેલ સરકારી વનસ્પતિ ઉદ્યાન રૂપવેલની મુલાકાત લીધી હતી. આ કાર્યશાળામાં કોલેજના આચાર્ય ત્રણ અધ્યાપકો પ્રા.બ્રિજલ પટેલ, પ્રા. પાયલ પટેલ અને પ્રા.વિશ્વા પટેલે ભાગ લીધો હતો.

### બીલીમોરા નજીક ભાટ ગામે બે સંતાનના પિતાએ અગમ્ય કારણસર ફાંસો ખાધો

બીલીમોરા: બીલીમોરા નજીક કાંઠા વિસ્તારના ભાટ ગામે બે સંતાનના પિતાએ ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હોવાનું જાણવા મળ્યું છે. ભાટ ગામ નેશનલ ફળીયામાં રહેતા અને માછીમારીનો વ્યવસાય કરતા પ્રજ્ઞેશ ચંદ્રકાંતભાઈ ટંડેલ (૪૪) તા. 30મીના બુધવારે નિત્યક્રમ મુજબ પરિમલ તળાવની બાજુમાં ખાડીમાં પાર્ક કરેલી તેની બોટમાં કામ કરવા ગયા હતા અને બપોરે ઘરે જમવા પણ આવ્યા હતા. ત્યારપછી કોઈક અગમ્ય કારણસર બપોરે ૨.૨૦ કલાકે ઘરની પાછળ ગોડાઉનમાં ગળે ફાંસો ખાઈને તેમણે આત્મહત્યા કરી લીધી હતી. મરનારના સાળા હરીશ દેવચંદભાઈ ટંડેલે બનાવની જાણ મરીન પોલીસને કરતાં પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ હાથ ધરી છે. મરણ જનાર પ્રજ્ઞેશ ટંડેલના માતા-પિતા, પત્ની અને બે પુત્ર છે.

### 4 જુલાઈથી ગુમ સુબીરની મહિલાનું કંકાલ મળ્યું

સાપુતારા: ડાંગ જિલ્લાનાં સુબીર ગામની હદમાં જામદર નામે ઓળખાતા કમ્પાર્ટમેન્ટના જંગલમાં ગળે ફાંસો ખાધેલી હાલતમાં મહિલાનું કંકાલ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. બારકીબેન રાજેશભાઈ ચૌધરી (ઉ. વ.આ.45 રહે. ચૌધરી ફળિયું, સુબીર તા.સુબીર જિ.ડાંગ)ગત ૦૪/૦૭/૨૦૨૫ની સવારે ઘરેથી કયાંક જતા રહ્યા હતા. શોધખોળ કરતા છતા આજદિન સુધી તેમનો કોઈ પત્તો લાગ્યો ન હતો. દરમિયાન આજે બારકીબેનનો મૃતદેહ જામદર નામે ઓળખાતા જંગલમાંથી કંકાલની હાલતમાં મળી આવ્યો છે. મહિલાની ઓળખ તેના કપડા તથા તેના પગરખાથી વાલીવારસો દ્વારા કરવામાં આવી છે. બનાવને પગલે સુબીર પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### નવસારીમાં કેબલ ફોલ્ટ દૂર કરવા જતાં કરંટ લાગવાથી વીજકર્મી દાઝ્યો

નવસારી: નવસારીના ગોલવાડ ખાતે વીજળીના હાઈ ટેન્શન અંડરગ્રાઉન્ડ કેબલ ફોલ્ટને દૂર કરવા માટે પોસ્ટ પર ચઢેલા ડીજીવીસીએલના કર્મચારી વિરલ પટેલને કરંટ લાગતાં જમીન પર પટકાયા હતા. તેમણે સેફ્ટી બેલ્ટ તથા હેલ્મેટ પહેર્યા હતા, છતાં હરનેસ બુક કરતાં સમયે અચાનક કરંટ લાગતાં તેઓ બંને હાથે દાઝી ગયા હતા. તેમને સારવાર માટે યશફીન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

### નવસારી જિલ્લામાં વિશ્વ આદિવાસી દિનની ઉજવણી થશે

નવસારી: આગામી તા.૯મી ઓગસ્ટ 'વિશ્વ આદિવાસી દિવસ'ની ઉજવણી અન્વયે નવસારી જિલ્લામાં ગણદેવી આદિજાતી વિધાનસભા મત વિસ્તારમાં ખેરગામ તાલુકાના એ.પી.એમ.સી. માર્કેટ તથા વાંસદા વિધાનસભા મત વિસ્તાર માટેનો કાર્યક્રમ એગ્રીમોલ, મોટી ભમતી, વાંસદા ખાતે યોજાનાર છે. આ કાર્યક્રમના સુચારું આયોજન માટે ગુરુવારે કલેક્ટર ક્ષિપ્રા આગ્રેના અધ્યક્ષ સ્થાને તથા જિલ્લા વિકાસ અધિકારી પુષ્પલતા સહિત વિવિધ અધિકારીઓની ઉપસ્થિતિમાં કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં પ્રયોજના વહીવટદાર પ્રણવ વિજયવર્ગીય, પ્રાંત અધિકારીઓ સહિત વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નવસારીમાં ઘરમાંથી 74 હજારનું એમ્ફેટેમાઈન અને કોકેઈન જપ્ત કરાયું

**મહેમુદા** મંઝિલના ઉપરના માળે રહેતા શોએબ શેખના મકાનમાં રેઈડ

નવસારી: નવસારી એસઓજીની ટીમે એક ઘર પર દરોડો પાડીને 74 હજારનું એમ્ફેટેમાઈન અને કોકેઈન જપ્ત કર્યું હતું. નવસારી એસઓજીના પોલીસ કોન્સ્ટેબલ રાહુલભાઈને મળેલી બાતમીને આધારે નવસારી દરગાહ રોડ પર આવેલી મોટી દરગાહની સામે મહેમુદા મંઝિલના ઉપરના માળે રહેતા શોએબ શેખના મકાનમાં રેઈડ કરતાં આરોપી ઘરમાં હાજર ન હતો. પરંતુ ઘરમાં તપાસ કરતાં તેમાંથી ગેરકાયદે વેચાણ માટે લાવેલું 73600 રૂપિયાનું 7.36 ગ્રામ એમ્ફેટેમાઈન અને 400 રૂપિયાનું 0.05 ગ્રામ કોકેઈન મળી આવ્યું હતું.

એસઓજીએ કુલ 74 હજારનો મુદ્દામાલ જપ્ત કરી આરોપીને વોન્ટેડ જાહેર કરી નવસારી ટાઉન પોલીસમાં એનડીપીએસ એક્ટ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે.

## વિજલપોરમાં જુગાર રમતા 6 પકડાયા, 91 હજારનો મુદ્દામાલ કબજે

નવસારી: જલાલપોર પોલીસે વિજલપોર ફાટક પાસે આવેલા શુભલક્ષ્મી એપાર્ટમેન્ટમાં અનંત તુકારામના મકાનમાં મળસકે 5.15 કલાકે રેઈડ કરતાં ત્યાં ગેરકાયદે તીનપત્તીનો જુગાર રમતા 6 શખ્સ પકડાયા હતા. તેમની અંગજડતી લેતાં 21930 રોકડા, મોબાઈલ સાથે કુલ 91330 રૂ.નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પકડાયેલા આરોપીઓમાં અનીશ પઠાણ, નયન પ્રજાપતિ, ગૌતમ ગોલપ, સંજય બાંગલે અને ગોરખનાથ નિકુમનો સમાવેશ થાય છે. જ્યારે સુનીલ પાટીલ તથા જર્નાદન ભાગી છૂટતાં વોન્ટેડ જાહેર કરાયો હતો.

## વાપીમાં 20 વર્ષ પહેલા હત્યામાં સંડોવાયેલો વધુ એક વોન્ટેડ આરોપી ઝડપાયો

વાપી: વર્ષ-2006માં વાપી ટાઉન પોલીસ મથકે હત્યાનો એક ગુનો નોંધાયો હતો. આ ગુનામાં 20 વર્ષથી વોન્ટેડ સંગ્રામસિંહ રામસેવક ઠાકુર (રહે.,યુપી)ને વાપી ટાઉન પોલીસની ટીમને રેલવે સ્ટેશનથી ઝડપી પાડવામાં સફળતા મળી હતી. પોલીસ પૂછપરછ દરમિયાન વર્ષ-2006માં પોતાના ગામનો સંગ્રામ સિંહ રામસેવક ઠાકુર (રહે. અલીહા, યુપી) બડકુસિંહ સાથે નોકરી માટે વાપી આવ્યા હતા અને છીરીમાં આવેલા ગેસના ગોડાઉનમાં નોકરી કરતા હતા. જ્યારે સંગ્રામસિંહ બીજા ગેસના ગોડાઉનમાં નોકરી કરતો હતો. બડકુસિંહના દૂરના સંબંધી દીપકસિંહ ઉર્ફે દીપુ જગ્ગાસિંહ ઠાકુરનો પરિવાર વાપીના છીરીમાં રહેતો હતો. દીપકસિંહની પત્નીની છેડતી સંજયસિંહ કરતો હોવાથી સંજયસિંહ ઉપર બડકુસિંહ, દીપકસિંહ અને સંગ્રામસિંહે હુમલો કર્યો હતો, જેમાં દીપકસિંહે છરી વડે ઘા કરતાં તે મોતને ભેટ્યો હતો. બાદ ત્રણેય લાશને છરવાડા નજીક બિલખાડીના પાણીમાં ફેંકી યુપી ભાગી ગયા હતા. આ હત્યા પ્રકરણમાં સામેલ બડકુને એલસીબી ગત જૂનમાં મધ્યપ્રદેશથી ઝડપી લાવી હતી.

## દમણમાં ઓળખપત્ર વગર કોઈપણ હોટલ, ગેસ્ટ હાઉસમાં રૂમ ભાડે મળશે નહીં

દમણ: સંઘપ્રદેશ દમણના સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ પ્રિયાંશુ સિંહ દ્વારા પ્રદેશ અને પ્રદેશમાં રહેતા લોકોની સલામતી હેતુ એક ઓર્ડર જારી કરવામાં આવ્યો છે. જેમાં જણાવાયું છે કે, દમણ હદમાં આવતી તમામ હોટલ, ગેસ્ટ હાઉસ, રેસ્ટોરન્ટ કે પછી ધર્મશાળાના કોઈપણ સંચાલકો પોતાને ત્યાં આવતા પર્યટકો કે પછી અન્ય કોઈ વ્યક્તિને તેમના જરૂરી ઓળખપત્ર વગર રહેવા માટે રૂમ ભાડે આપી શકશે નહીં. આ આદેશ જારી કરવા પાછળ પ્રશાસનને શંકા છે કે, અમુક અસામાજિક તત્ત્વો દેશની શાંતિ ડહોળવા અને ખોટાં કામ કરવા પ્રદેશની હોટલ, ગેસ્ટ હાઉસમાં વગર ઓળખકાર્ડ બતાવી રૂમ ભાડે લઈને આશ્રય મેળવી રહ્યાં છે. આથી દમણની તમામ હોટલ, રેસ્ટોરન્ટ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળાના સંચાલકોને કોઈપણ અવસ્થામાં ઓળખકાર્ડ વગર કોઈપણ વ્યક્તિ કે પર્યટકોને રહેવા માટે રૂમ ભાડે આપી શકશે નહીં. જે કોઈપણ વ્યક્તિને રૂમ ભાડે આપવાના હોય એના માન્ય ઓળખકાર્ડની સાથે તેમના મોબાઈલ નંબર રજિસ્ટરમાં નોંધવાના રહેશે. સીસીટીવી કેમેરા કાર્યરત હોવા જરૂરી રહેશે. આદેશનું ઉલ્લંઘન થશે તો શિક્ષાત્મક કાર્યવાહી કરાશે. આ આદેશ 60 દિવસ માટે લાગુ રહેશે.





